# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૮ • તા.૦૭ ઓક્ટોબર થી ૧૩ ઓક્ટોબર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયા દ્વારા સ્નેહમિલન સહ સ્વામિ વાત્સલ્યનું અદ્ભૂત આયોજન થયું

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**
**ચંદ્રેશ વિરચંદ છેડા**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**
Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવન એટલે સંઘર્ષ અને સાહસનો સમન્વય

દરેક વ્યક્તિ ઘણીવાર દુ:ખ અને આપતિઓને હોય તેના કરતાં મોટું સ્વરૂપ આપી દે છે. હજી આવી નથી એ મુશ્કેલીઓને માટે મનોમન થડકાર અનુભવીએ છીએ. આ એક ડરપોકપણું છે, એક ભયભીત ભાવના છે. આ આદત આપણું દોષ બની જાય છે. જે પછી દિલમાં કાયમી ઘર કરી બેસી જાય છે. જેના લીધે આપણે નાહિંમત થઈ જઈએ છીએ આવનારી આફતો અને તેના પરિણામો આપણા મનને ચગડોળે ચડાવી દે છે અને તેના કારણે દુ:ખ ઘેરું બની જાય છે, હતોત્સાહ બની જાય છે. આ ડર, આ ભીતિ આપણને છીએ એ ઉંમર કરતાં વધુ વયસ્ક બનાવી દે છે. આ ભય નીડર વ્યક્તિને નિરાશ, હતાશ અને બેસહાય બનાવી દે છે. સંઘર્ષ સામે સામનો કરવાનું સાહસ આપણે ના ફોકટનું ગુમાવી દઈએ છીએ અને આખરે આપણે આપણું નુકસાન સ્વહાથે વહોરી લઈ છીએ.

જીવનમાં આશા નિરાશા તો આવવાની ને જવાની છે. પણ એને મન પર લઈએ તેને મનોમસ્તિક પર હાવી થવા દઈએ તો એ આપણી ભૂલ છે. જે પછીથી ભારી પડવાની છે. ન આવેલા કાલ્પનિક દુ:ખોની કાળી છાયા ડરામણી થઈને આપણી ઉપર સદાય છવાયેલી હોય છે. તેની સામે સંઘર્ષ અને સાહસથી સામનો કરવો જરૂરી છે. પણ, કાલ્પનિક ભયથી પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેસીએ, નાસી પાસ થઈએ. ત્યારે આવી પરિસ્થિતિ લાંબો સમય ચાલે તો સ્વસ્થતા અને સંતુલન પણ ગુમાવી બેસીએ છીએ. હકીકતમાં જોઈએ તો મુશ્કેલીમાં દુ:ખ ભર્યા સમયમાં જ આપણને અંતરમાં ડોકિયું કરવાની અમૂલ્ય તક મળતી હોય છે. જીવનમાં આવતી સુખદ કે દુ:ખદ ઘટનાઓ કંઈકને કંઈ બોધ આપતી હોય છે. જેમ સોનું અગ્નિમાંથી પસાર થઈ શુદ્ધ બને છે. તેવી રીતે દુ:ખોથી વિકટ પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે જ આપણી માનસિક તાકાતની જાણ આપણને થાય છે.

ઈચ્છેલું સુખ ક્યારે કોઈને સાંપડ્યું નથી. તન અને મનની તંદુરસ્તી જ યોગ્ય પણે હોય તો બધું સારું છે. જેનાથી જીવનમાં જે જડ્યું છે તેનો આનંદ મળે છે. સંસાર સારો સજીવપણે માણવાનો ઉમળકો આપે છે. જીવનની ઘટમાળમાં જે લખેલું છે. તે ઘટવાનું છે ગમે તેટલું આપણે ઈચ્છીએ કે ચાહે ન ઈચ્છીએ. આ ઉપર નીચે થવાનો ચક નિરંતર ચાલુ રહેવાનો છે. આફત અને આપતિમાં સ્વસ્થ મનથી સામનો કરી સંઘર્ષ કરી સફળ થવું જોઈએ. સાહસ ધરાવી મુશ્કેલીઓને હરાવવી જોઈએ. અસ્ત્ર શસ્ત્રથીને મનોવિજ્ઞાન તરીકાથી ધૈર્ય અને તટસ્થ ભાવથી બહાર નીકળવાનો રસ્તો શોધી કાઢવો જોઈએ. આ આપદાઓમાં નાસીપાસ થઈએ આત્મ વિશ્વાસ ખોઈ દઈએ કે સંતુલન ગુમાવી દઈએ તો જેટલો સંઘર્ષ સામનો અને સાહસ કરી જેટલી સફળતા હાંસલ કરી છે એ પણ વ્યર્થ જવાની છે.

સંઘર્ષ અને પડકારનો સામનો જિંદગીમાં સાહસ અને આત્મવિશ્વાસ રાખીને કરી શકાય છે. આ જિંદગીનો અરબ ગણિત છે. આ જીવન સંઘર્ષ સાથે સાહસના સમન્વયથી લડવા તૈયાર અને તત્પર રહેવું જોઈએ. સંઘર્ષમાં સાહસની ધાર નીકળે છે અને સાહસમાંથી સફળતા નિપજે છે. – જય જ્ઞાતિમૈયા

# છાની બચત એટલે ગૃહિણીની સમજદારી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વર્તમાન સમયકાળમાં ૮ નવેમ્બર ૨૦૧૬ બુધવારના રાત્રે ૮.૩૦ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટીવી પર આવી રાષ્ટ્રને સંબોધતા રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટને આર્થિક વ્યવહારમાંથી બાકાત કરી દીધી હતી. આ જાહેરાતની સાથે તત્કાલ આ નોટો ચલણમાંથી પાછી ખેંચી અને માત્ર બેંકોમાં જમા કરાવવાનો આદેશ અપાયો.

આ નોટબંધી પછી દરેક પરિવારોને અસર પહોંચી હતી. કાળા નાણાં સંગ્રહી રાખેલ અનેકો માટે આ વ્રજઘાત જેવો નિર્ણય હતો. જ્યારે સામાન્ય પરિવારની ગૃહિણીઓ જેઓ પતિ અને પરિવારથી છાની રીતે  આલમારીમાં કપડાંની વચ્ચે કે અન્યત્ર જમા કરેલી મોટી રકમમાં ૫૦૦ કે ૧૦૦૦ની નોટો હતી. તે બહાર કાઢવી પડી અને પરિવાર સમક્ષ જાહેર કરવી પડી. આની પરથી સોશ્યિલ મીડિયામાં ઘણા કટાક્ષ મેસેજ ફરતાં થયા હતા. જેઓ ગૃહિણીની આ આદતો ઉપર આધારિત હતા.

એ હકીકત છૂપી નથી કે પરિવારની સ્ત્રી બહાર જોબ માટે જતી ન હોય તો પણ ઘરમાં બેઠે મહિનાના અંતે થોડી ઘણી બચત કરી લેતી હોય છે. ઘર ખર્ચના પૈસામાંથી યેનકેન પ્રકારે કટકી કરી એ બચત મૂડી ઊભી કરે છે. આ પ્રત્યેક સ્ત્રીની વિશેષતા છે. પુરૂષનો સ્વભાવ ઉડાઉપણાનો છે. પડશે એવા દેવાશે એમાં માનનારો હોય છે એટલે બેંકખાતામાં અથવા અન્ય રીતે ઈન્વેસ્ટમાં રોકી બચત કરે છે પણ કટોકટીમાં કામ આવે એ રીતે હાથમાં બચત રાખી શકતો નથી. બચત શબ્દ ત્યારે સાર્થક થાય જ્યારે આયોજન બધ્ધ ખર્ચ કર્યા પછી સમજદારીપૂર્વક રકમ બચે. પરિશ્રમ કરી પ્રાપ્ત થયેલી લક્ષ્મી અદકેરી ત્યારે લાગે જ્યારે આપણે એ રળેલી લક્ષ્મીમાંથી થોડી ઘણી બચત કરીએ. પારિવારિક સામાજિક પ્રસંગો, આકસ્મિક બિમારી, ધંધાની મંદી જેવી કટોકટી કે કપરા સમયમાં હાથવગી રહેલી બચતથી છેડો સચવાઈ જાય છે.

ઘર ખર્ચ માટે પતિ રકમ આપે એમાંથી કરકસર કરીને ગૃહિણી સ્વભાવ ગત બે પૈસા બચાવી લઈ પોતાની પાસે એકઠાં કરે છે. મધ્યમ વર્ગીય મહિલાઓ ઘર બેઠાં નાનો મોટો ગૃહ ઉદ્યોગ કરીને પણ પતિને આર્થિક રીતે મદદરૂપ થાય છે. સમજુ ગૃહિણી પૈસાની કિંમત સમજે છે. અચાનક પૈસાની ખેંચ આવે ત્યારે સંઘરેલી બચત સાચા અર્થમાં ઉપયોગી થાય છે. સગા સંબંધી મોંઢું ફેરવી લે છે, મદદ માટે ગલ્લાં તલ્લાં કરે છે ત્યારે આપણી બચત આપણને આત્મબળ આપે છે.

ઉડાઉપણું અવિચારી, અણસમજ હોવાનું દર્શાવે છે. જ્યારે ત્રેવડ એ ત્રીજો ભાઈ કહેવાયો છે. કરકસર કરનારી વ્યક્તિને લોકો અનેક શબ્દોથી નવાજે છે. કંજૂસ, મખ્ખીચૂસ, મારવાડી વિગેરે, બચત કરેલી રકમ આપણા માટે દિલાસો, સધિયારો છે. જીવનનું પ્રબળ આશ્વાસન છે. બાળકના જન્મ વખતથી બચત પ્રત્યે કાળજી રાખનારા માતા પિતા ભવિષ્યમાં બાળકોના ભણતર અભ્યાસ અને વૈવાહિક ખર્ચને સરળતાથી પહોંચી વળે છે. આવા સમયે કોઈની પાસે હાથ લાંબો કરવો પડતો નથી, કે કોઈના ઓશિયાળા થવાતું નથી. ગૃહિણીઓની ઊંડી સમજણ અને આત્મશક્તિથી જમા થયેલી રકમ પરિવાર માટે ભવિષ્યના આત્મબળનો સધિયારો આપે છે, અને કટોકટી ટાળવાનો ઉકેલ આપે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા દ્વારા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્ય**નું આયોજન **રવિવાર, તા. ૦૧ ઓક્ટોબર**ના શુભદિને ભાંડુપ- મુંબઇ મધ્યે **શ્રી મેવાડ કેસરીભવન હોલ**માં કરવામાં આવ્યું હતું. નલીયા ગામે **ઐતિહાસિક પંચાન્હિકા મહોત્સવ** તેમજ **શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના સંમેલન**નું સફળ આયોજન બાદ કોરોના વૈશ્વિક મહામારી બાદ ઘણાં જ લાંબા સમયે ફરી સ્નેહમિલનનું આયોજન થયું હતું.

**પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતા**ના નેતૃત્ત્વમાં ગયા વર્ષે બનેલી **યુવા કાર્યકરોની સમિતિ**ને કંઇક નવું-અનોખું કરવાની ભાવના હતી જ! સ્પાર્કલ એન્ટરટેઇનમેન્ટના એન્કર **શ્રીમતિ રીટાબેન હરીયા** સૌ પ્રથમ મહાજનશ્રીના રંગમંચ પર નલીયા મહાજનના **પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતા (બડગરા), ઉપપ્રમુખ શ્રી મનોજ ઝવેરચંદ લોડાયા (અંધેરી), માનમંત્રી શ્રી પિનાકીન જેઠાભાઇ છેડા (મુલુંડ) તેમજ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ વતી ટ્રસ્ટી શ્રી મોતીચંદ લાલજી ખોના (મુલુંડ), શ્રી ચંદ્રપ્રભ અતિથિભવનના ટ્રસ્ટ વતી ટ્રસ્ટી શ્રી ચેતન માણેકચંદ્ર ખોના (ગોરેગાંવ)** તેમજ નલીયાને ગૌરવપ્રદાન કરનારા મુંબઇ મહાજનના **ઉપપ્રમુખ પદે** બિરાજમાન **શ્રી વીરેન્દ્ર ભવાનજી લોડાયા (મુલુંડ)**, શાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા નાગડાની ગાદીને શોભાવનારા વારસદાર **શ્રી સૂર્યકાંત વર્ધમાન નાગડા (ગાંધીધામ)** અને **શ્રી દિલીપ કુસુમકાંત નાગડા(અંધેરી)**ને મંચસ્થ કર્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત કરતાં **સામૂહિક નવકાર મહામંત્રનું પઠન**, મંચ ઉપર બિરાજમાન થનારા મહાનુભાવોના વરદ્‌હસ્તે **દીપ પ્રાગટ્ય** શ્રી ચંદ્રપ્રભસ્વામી, શ્રી મહાકાળી મતાજી અને શેઠશ્રી નરશી નાથાની છબીને માળારોપણ કરવામાં આવ્યું હતું. **લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય (ઘાટકોપર)**, નલીયાની નિયાણી વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગતનૃત્ય રજુ કર્યા બાદ પ્રમુખ શ્રી મુલચંદ મોતા અંતરની ઉર્મિએથી ઉપસ્થિત સહુનું **હાર્દિક સ્વાગત** કર્યું હતું. ત્યારબાદ નલીયા ઉપર **ડોક્યુમેન્ટરી ફિલ્મ** જોયા બાદ નલીયાની જુની યાદો પુનઃ માનસપટલ ઉપર અંકિત થઇ હતી. આ ફિલ્મ માટે માનમંત્રી શ્રી પિનાકીન છેડા જેઓ ખૂબ જ મહેનત કરી વર્ષો જુના ફોટાઓનું સંકલન કર્યું હતું.

સ્નેહમિલનમાં નૂતન **ઉપાશ્રયના ગોચરી રૂમ**ના લાભાર્થી પરિવાર **માતુશ્રી દીમુબાઇ પદમશી મોતા પરિવાર**




**(નલીયા), જ્ઞાનશાળા રૂમ** ૧ના લાભાર્થી પરિવાર **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બેંગ્લોર, જ્ઞાનશાળા રૂમ** ૨ના લાભાર્થી **માતુશ્રી ચંદનબેન જયંતિલાલ નાગડા પરિવાર (મુલુંડ)** તેમજ **સુવર્ણસ્થંભ** અને **રજતસ્થંભ** લાભાર્થી પરિવારોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

વર્તમાનમાં નલીયા ખાતે **ચાતુર્માસ આરાધના, સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્ય ફંડ**ના મુખ્ય આધારસ્થંભ લાભાર્થી

# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....

**શ્રી નલીયા એકતા પરિવાર-મુંબઈ** તેમજ **રત્નસ્થંભ લાભાર્થી પરિવાર શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ (નલીયા-મુંબઈ-પાલીતાણા)**ના ટ્રસ્ટીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

નલીયા માટે વિશિષ્ટ ગૌરવ પ્રદાન કરનાર **કચ્છ શક્તિ-૨૦૨૩**ના **એવોર્ડ વિજેતા** સમાજસેવા માટે **શ્રી વીરેન્દ્ર ભવાનજી લોડાયા**, ઉદ્યોગ માટે **શ્રી મુકેશ જાધવજી ધરમશી, શ્રી અર્જુન મુકેશ ધરમશી** અને ૨૫ વર્ષ પર્યંત પત્રકારિતા માટે શ્રેષ્ઠ સેવા પ્રદાન કરનાર **શ્રી જયંત વિશનજી છેડા (મુલુંડ)**નું બહુમાન કરવામાં આવ્યું હતું. ભારત સરકાર દ્વારા તેમની અનુમોદનાર્થે પોસ્ટ વિભાગ તરફથી સ્ટમ્પ બહાર પાડવામાં આવી હતી.

**જીવદયા માટે સર્વશ્રેષ્ઠ કાર્ય** કરી જનારા **શ્રી ભાગ્યચંદ હીરજી પટેલ (ભાંડુપ)**ને મરણોત્તર પુરસ્કાર આપવામાં આવ્યુ હતું તેમજ હાલમાં જીવદયા માટે કોરોના કાળથી સારૂ એવું ભંડોળ એકઠું કરનાર કાર્યવંત ટીમ વતી **શ્રી લલિત કુંવરજી ખોના (નલીયા)**ને સન્માનિત કરી કાર્યમાં સહભાગી સહુનું બહુમાન કરવામાં આવ્યું હતું.

**શ્રી બશેસ ગાલા**, નલીયાના સફળ વ્યવસાયિકો અને સાહસિકો સાથે **ફેસ ટુ ફેસ** મંચ પરથી સીધો સંવાદ કરી કારકિર્દી સંબંધી પ્રશ્નો પૂછી સાહસિક યુવાનોને સીધો મેસેજ આપ્યો હતો. જે યુવાનોને આગળ વધવા મનોબળ પુરું પાડયું હતું. પેનલમાં બેસનારા સર્વે મહાનુભાવો પોતાનો બહોળો અનુભવ જણાવી આવનારા સમયમાં વ્યવસાય માટે કઇ રીતે આગળ વધવું તે માટેની પ્રેરણા આપી હતી.

સ્વામિવાત્સલ્યમાં મનગમતી વિવિધ વાનગીઓ અને શ્રી સંઘપૂજન લીધા બાદ પધારેલ લોકોએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું.

નલીયા ગામમાં **બિઝનેશ સેન્ટર** તેમજ **આવાસ યોજના** માટેનું પ્રોજેક્ટ **કુ. તન્વી ઉમેશ મોતા, શ્રી ઉમેશ કિશોર મોતા (ઘાટકોપર)**એ ડીઝીટલ સ્ક્રીન ઉપર **PPT** બતાવી સુંદર રીતે રજૂ કરી સમજાવ્યુ હતું. આ માટેની વિસ્તૃત જાણકારી ટૂંક સમયમાં એક સેમિનાર યોજી આપવામાં આવશે.

સેલિબ્રિટી **શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય** દ્વારા **'આજનો યુવાન આવતી કાલનું ભવિષ્ય'** પ્રેરણાદાયી વક્તવ્ય સુંદર અને સરળશૈલીમાં આપવામાં આવ્યું હતું. ક્યાંક રમૂજ, ક્યાંક કઠોર, ક્યાંક સંવેદનશીલ થઇ યુવાનો અને વડીલો બંનેને પ્રેરણા આપી હતી. તેમનું વક્તવ્ય લોકોને ખૂબજ આકર્ષિત કર્યું હતું.

**શ્રીમતી રીટાબેન હરીયા** દ્વારા **મ્યુઝિકલ હાઉઝી**, નલીયા ગામ ઉપર રસપ્રદ પ્રશ્નો પૂછી ખૂબ જ મનોરંજન આપ્યું હતું. પધારેલ લોકોએ જુના-નવા ગીતોની મજા માણી હતી. **ચૌવિહાર** કર્યા બાદ સહુ રાસ-ગરબા રમી અવિસ્મરણીય સંભારણું લઇ છૂટા થયા હતાં.

કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપનાર એવા **મે. હેતલ ફોટો સ્ટુડિયો**ના **શ્રી મહેશભાઈ**, કેટરીંગ વ્યવસ્થા માટે **મે. ફાઈવ સ્ટાર કેટરર્સ**ના **શ્રી મનોજભાઈ** અને **શ્રી વૈભવભાઈ**, એન્કરીંગ માટે **મે. સ્પાર્કલ એન્ટરટેઈનમેન્ટ**ના **શ્રીમતી રીટાબેન હરીયા**, સ્નેહમિલનની જાહેરાત માટે **કેડીઓ દીપ**, વોટસએપ ગ્રુપ, **શ્રી મુંબઈ મહાજન વોટસએપ ગ્રુપ**, આમંત્રણ વિડીયો માટે **મે. અવની ફિલ્મના શ્રી જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા (વારાપધર)** તેમજ આમંત્રણ વિડીયોમાં **સુંદર અવાજ રજૂ કરનાર અ.સૌ. આરતીબેન રાજેશ મોતા (નલીયા)**ને મહાજનશ્રી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**શ્રી નલીનપુર નારી નિગમ** તથા શ્રી નલીયા મહાજનશ્રીના **સર્વે યુવા કાર્યકરો સ્વયંસેવક** બની ઉમદા સેવા આપી હતી. સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યને સફળ બનાવવા માટે વર્તમાન સંપૂર્ણ ટીમે જોરદાર મહેનત કરી હતી. જે મહેનત રંગ લાવી હતી. મહાજનશ્રીની વિનંતીને માન આપી નલીયાવાસી તેમજ નિયાણી બહેનો સહપરિવાર પધારી અપેક્ષાઓને પાર પાડી કાર્યક્રમનો ભરપૂર આનંદ લીધો હતો. સમગ્ર પ્રસંગનું **યુ-ટ્યુબ ઉપર જીવંત પ્રસારણ** કરવામાં આવ્યું હતું. **આખરે નહીયાનું સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યે સફળતાનું શિખર સર કર્યું હતું.**


**સંકલન: શ્રી ચેતન લહેરચંદ નાગડા (ડોંબિવલી)**

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયા** વતી

**સર્વે ટ્રસ્ટીગણના પ્રણામ અને જય જિનેન્દ્ર !**


# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....




















# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....

















# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....




















# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....




















# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....

















# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....



















# નલીયા સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું....


















ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
Festival Celebration
Bonanza 2023
HOME LOAN
2 WHEELER LOAN
CAR LOAN
eAUTO LOAN
GOLD LOAN
MORTGAGE LOAN
TRADE LOAN
COMMERCIAL VEHICLE LOAN
*9.49%
LOAN AGAINST PROPERTY
*9.49%
LOAN AGAINST INSURANCE POLICY
*7.75%
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
www.arihantbank.com
@ ArihantBank

# કલ્પવૃક્ષ ઝાડ યોજના ધારકો માટે મહત્વની સૂચના

દક્ષિણ ભારત ક.દ.ઓ.જૈન એકમ સવિનય જણાવે છે કે આર્બિટ્રેશન ઓર્ડરના આધારે શ્રી ફંકશનલ કમિટીએ બહુમતીથી લીધેલ નિર્ણય પ્રમાણે પ્રત્યેક ઝાડ ધારકોને પ્રત્યેક ઝાડ દીઠ રૂા.૧૦૦૦ (એક હજાર રૂપિયા) આપવાનો આદેશ કરેલ છે. રકમનું વિતરણ સહેલાઈથી થઇ શકે તે માટે વિતરણની જવાબદારી પણ એકમને સોંપવામાં આવી છે.

પ્રત્યેક ઝાડ દીઠ રૂા.૧૦૦૦ (એક હજાર રૂપિયા) દરેકને એટલે કે ઝાડ ધારકોએ સર્ટિફીકેટ સરન્ડર કર્યું હોય અથવા ડોનેશન તરીકે આપ્યા હોય અથવા રોકાણ કરેલ હોય તે રકમ મેળવી લીધી હોય અથવા આજ સુધી કોઈ પણ રકમ મેળવી ન હોય તે સર્વેને માટે સદર અથવા બાકીની રકમ આપવામાં આવશે.

માહિતી ભરવાનું (ફોર્મ નં-૧ જેમની પાસે ઓરિજિનલ સર્ટિફિકેટ હોય તે માટે અને ફોર્મ નં-૨ જેણે સર્ટિફિકેટ ડોનેટ કર્યું હોય અથવા સર્ટિફિકેટ ખોવાઈ ગયેલ હોય અથવા રોકાણ કરેલ રકમ મેળવી લીધી હોય તે માટે) સંપૂર્ણ વિગતો સાથે ભરીને મોકલવાનું રહેશે. ફોર્મ પરત મોકલવાની છેલ્લી અવધિ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધીની છે. સૌના સાથ અને સહકાર આપવા શ્રી દક્ષિણ ભારત એકમ સમિતિ દ્વારા જણાવાયું છે.

| ફોર્મ - 1 | ફોર્મ - 2 |
|---|---|
| https://tinyurl.com/KVY-FORM1 | https://tinyurl.com/KVY-FORM2 |

(ફોર્મ ડાઉનલોડ કરવા માટે QR કોડ તમારા મોબાઈલથી સ્કેન કરો અથવા એની નીચે આપેલી લિંક પર જાઓ)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ
## શ્રી જખૌ રત્નટૂંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ

# "કંકુ છાંટી કંકોતરી મોકલી રે..."

જખૌવાસી જ્ઞાતિજનો ભાગ્યશાળીઓ,

આવી રહ્યો છે અવસર શ્રી જખૌ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામી જિનાલય શતકોત્તર અમૃત મહામહોત્સવ ના પ્રસંગો મધ્યે આપ સૌને મળવાનો.

**તા. ૧૪-૧૦-૨૦૨૩, શનિવાર** આસો સુદ ૧, વિ. સં. ૨૦૭૯, જીવરાજ ભાણજી હોલ, મુલુંડ નગરે, સવારના ૮.૦૦ વાગ્યાથી **પ.પૂ. ગણીવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મહારાજ સાહેબ** ની આદિ ઠાણાની નિશ્રા અને નવકાર મંત્ર આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** ના સાનિધ્યમાં શતકોત્તર અમૃત મહોત્સવની આમંત્રણ પત્રિકા ઉપર કંકુ છાંટણા કરવાનો ઉત્સવ માણવા પધારશો.

સર્વે મુખ્ય ચડાવા લેનારના પરિવારને, લાખેણા દાતાઓના પરિવારને પણ મહામહોત્સવની પત્રિકા ઉપર કંકુ છાંટણા કરવાનો લાભ મળશે. આ સમારંભ માં દાદાની ધ્વજાના દર્શન કરવાનો મોકો મળશે .

આ પ્રસંગે આપણે ક્ષમાયાચના પર્વ ઉજવશું, પર્યુષણના તપસ્વીઓ ની શાતા પૂછશું... સહુ સમયસર પધારશો, કાર્યક્રમ બાદ સાધર્મિક ભકિત નો લાભ લેશો.



### -: ઉત્સવ સ્થળ :-

શ્રી જીવરાજ ભાણજી હોલ,
અશોક નગર, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૮૦.



### -: નિમંત્રક :-

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ**
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**
**શ્રી જખૌ રત્નટૂંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ**



વેલે પાર્કીંગ ની વ્યવસ્થા છે.



# ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપ.બેંક લિમીટેડના ચેરમેન નવીનભાઈ દંડના લીડરશિપ હેઠળ બેંક પ્રગતિના પંથે આગળ વધી રહી છે





ઉદય ટ્રાન્સપોર્ટવાળા નવીનભાઈ હીરજીભાઈ દંડ (લાલા-વેરાવળ)ના ચેરમેન પદે કુશળતા ભર્યા સંચાલનથી ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપ.બેંક લિમીટેડ સતત પ્રગતિના પંથે વિકાસ કરી રહી છે.

સહકારી ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા અને પ્રતિષ્ઠિત બેન્કો મેગેઝિન દ્વારા ભારતભરની સહકારી બેંકો માટે યોજવામાં આવેલ. બેંકો બ્લુ રિબન સ્પર્ધામાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપરેટિવ બેંક લીમિટેડને રૂા.૬૦૦ કરોડથી રૂા.૭૦૦ કરોડ ડિપોઝીટ કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસલ કરવા બદલ તા.૫ ઓક્ટોબર ગુરૂવારના દમણ મુકામે યોજાયેલ ભવ્ય સમારંભમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ચીફ જનરલ મેનેજર, DOS શ્રી પી.કે.અરોરાના હસ્તે બેંકો બ્લુ રિબન 'Banco Blue Ribbon' એવોર્ડ ચેરમેન નવીનભાઈ દંડને એનાયત કરવામાં આવેલ.

ધી વેરાવળ મર્કન્ટઈલ કો.ઓ.બેંકને સતત પાંચમાં વર્ષે આ એવોર્ડ પ્રાપ્ત થયયેલ છે. જે સમગ્ર વેરાવળ પંથક અને સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓ માટે ગૌરવ સમાન છે.

# ભારતીબેન ખુશાલ છેડાનું સિક્કા અને નોટોનું મંત્ર મુગ્ધ કરતું અદ્‌ભૂત ક્લેકશન



ભારતીબેન ખુશાલ છેડા સિક્કા અને ચલણી નોટોના શોખીન સંગ્રાહક છે. વર્ષોની જહેમતથી તેમણે પોતાનું અમૂલ્ય ક્લેક્શન એકઠું કર્યું છે.

હાલમાં જ તેમના આ અદ્‌ભૂત કલેકશનનું પ્રદર્શન શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન ઈંગ્લિંશ મીડીયમ સ્કૂલ ગદગ કર્ણાટકમાં યોજાયું. કલેકશન જોઈને વિદ્યાર્થીઓ સહિત શિક્ષકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ભારતીબેન એ ઉપસ્થિત સૌને ન્યુસ્મિટિક્સની થીમ ઈતિહાસ અને વિકાસશીલ શોખના પાસા તલસ્પર્શી રીતે સમજાવ્યા હતા. શ્રી કેડીઓ જૈન ઇંગ્લિંશ મિડીયમ સ્કૂલ ગદગના પ્રમુખ ડૉ.પ્રદીપ ખોના એ તેમને આવકાર્યા હતા.

# શ્રી કોઠારા મહિલા મંડળ આયોજીત પ્રોગ્રામ ભાયખલા પ્રાણી સંગ્રહાલય




શ્રી કોઠારા મહિલા મંડળ આયોજીત પ્રોગ્રામ તા.૩૦મી સપ્ટેમ્બર શનિવારના રોજે ‘વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલય’ મધે આયોજીત કરાયો હતો. મેમ્બર્સ બધા ઉલ્લાસથી કાર્યક્રમનો હિસ્સો બન્યા હતા. ચોકલેટ અને રીફ્રેસમેન્ટ જ્યુસની સાથે બધાનું સ્વાગત કરાયું. પ્રાણી સંગ્રહાલયમાં પોતાનું નાનપણ યાદ કરી બધા આનંદિત થયા હતા. પ્રાણી સંગ્રહાલયમાં અનેક પ્રાણી અને પક્ષીઓ છે. પેગવીન અને મગરને જોવાની મજા પડી ગઈ. બાગનું નવું સ્વરૂપ જાણ્યું. માણ્યું અને આનંદિત થયા ચા, કોફી અને અલ્પહારની લહેજાત હરખાતા મનથી બધાએ માણી. પછી બરફના ઠંડા ઠંડા ગોળા માણી બધાને બહુજ મજા આવી. રમતો તથા સદાબહાર હાઉસી સર્વે હર્ષોઉલ્લાસ સાથે રમ્યા. પ્રમુખશ્રી પુજાબેન અજાણી અને કમીટી મેમ્બર્સ ફાલ્ગુનીબેન નાગડા, નેહલબેન ધરમશી, ચૈતાલીબેન દંડ અને મેમ્બર્સના સાથ સહકારથી ટ્રીપ યાદગાર બની. સેલ્ફી વગર પ્રોગ્રામ અધુરો હોય બધાએ સેલ્ફી અને ગ્રુપ ફોટો લઈ હરખાતા મનથી છૂટા પડ્યાં હતા. એક દિવસીય પિકનિક બધા મેમ્બર્સએ ઉલ્લાસ અને આનંદિત રીતે ઉજવી.





# વિધિ લોડાયા સમ્મિલિત ટીમ રોલબોલ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે વિજેતા થઈ



શ્રી કચ્છી દશા વિશા ઓસવાલ જૈન સમાજના સદસ્ય અને જૈન ખાખરાના ડાયરેક્ટર ધર્મેશભાઈ ઝવેરચંદ દામજી લોડાયા સાંયરા જલગામની પુત્રી ચિ.વિધિ તાજેતરમાં ઈચલકરંજી ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની રોલ બોલ સ્પર્ધામાં ટીમના સભ્ય તરીકે રચનાત્મક અને કૌવત ભેર જુસ્સાથી સ્પર્ધાનો હિસ્સો બની પુણે ટીમ સામે રસાકસી ભરી મેચને અંતે જલગાંવ મહિલા સંઘને દ્વિતીય નંબરે વિજયી બનાવવામાં સિંહફાળો પ્રદાન કર્યો હતો.

એન ટી.વેંકટેશ ગ્રાઉન્ડ પર મહારાષ્ટ્ર રાજ્ય રોલ બોલ એસોસિએશન અને કોલ્હાપુર જિલ્લા રોલ બોલ એસોસિએશનના સંયુક્ત આયોજન હેઠળ પુરૂષ અને મહિલાની કુલ ૨૨ ટીમ વચ્ચે આ અલગ અલગ વિભાગમાં સ્પર્ધા યોજાઈ હતી.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મેહુલભાઈ દંડ**
તા.૨૪ સપ્ટેમ્બર (ઉ.૫૭)
રાયધણજર-મુંબઈ



**રતનબેન ધરમશી**
તા.૨૯ સપ્ટેમ્બર (ઉ.૮૧)
જસાપર-દેવલાલી



**નીલમબેન ધરમશી**
તા.૧ ઓક્ટોબર (ઉ.૪૩)
નાની ખાવડી-કલ્યાણ



**કિરણબેન મોમાયા**
તા.૫ ઓક્ટોબર (ઉ.૪૮)
રાણપર-નવી મુંબઈ



**રતનબાઈ લોડાયા**
તા.૩ ઓક્ટોબર (ઉ.૮૮)
વારાપધર-અમેરીકા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

|| નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે || || વર્ષીતપના પ્રણેતાશ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ||

શાસનસમ્રાટ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સંસ્થાપિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪



શ્રી સંઘના સંસ્થાપક, શાસન સમ્રાટ, પરમોપકારી
ભારત દિવાકર, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની

૩૫ મી પૂણ્યતિથિએ
ભારતભરના સકલ સંઘો/મહાજનોમાં

## સામુહિક અઠ્ઠમતપની આરાધના

**: શુભ દિવસ :**

ભાદરવા વદ અમાસ, આસો સુદ એકમ/બીજ,
શુક્રવાર – શનિવાર – રવિવાર,
તા. ૧૩-૧૪-૧૫ ઓક્ટોબર ૨૦૨૩

શ્રી નેમિનાથ ભગવાન કેવલજ્ઞાન કલ્યાણક – ભાદરવા વદ અમાસ

- સર્વે પૂજ્ય શ્રમણ, શ્રમણી ભગવંતો તથા ભારતભરમાં અચલગચ્છીય શ્રી સંઘો/મહાજનોને વિનંતિ આપના શ્રી સંઘમાં વધુમાં વધુ અટ્ઠમ તપમાં આરાધકો જોડાય તે માટે પ્રેરણા કરવા વિનંતી.
- અટ્ઠમતપના તપસ્વીઓની નામાવલી આપના શ્રી સંઘના લેટરપેડ પર લખી તા. ૧૪-૧૦-૨૩ ના સાંજ સુધી મો. 70204 25835 પર વોટસએપ કરવા વિનંતી.


**અઠ્ઠમતપની પ્રભાવનાના લાભાર્થી**

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ વડોદરા શ્રુતોપાસના સંપૂર્ણ ચાતુર્માસના સંઘપતિ પરિવાર

## માતુશ્રી મણીબેન વલ્લભજી નરશી નાગડા (વિઢ–વડોદરા)

શ્રીમતી જિજ્ઞાબેન CA રાજેશ નાગડા ચિ. શ્રેણિક નાગડા

આપના સુકૃતની અંતરથી અનુમોદના




લી. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ – માનદ્ મંત્રીઓ

BINITA S. MARU - 9869034162




● અમૃત ભારત રેલ્વે સ્ટેશન યોજના તળે કેન્દ્ર સરકાર દ્વારા ભુજ અને ભચાઉના રેલ્વે સ્ટેશનોના નવનિર્માણનું ખાત મુહૂર્ત વડાપ્રધાન હસ્તે વર્ચ્યુલ કરાયું. આગામી સમયમાં ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં રાખીને રેલવે લાઈનની માળખાકીય સુવિધા વધારવા સામખિયાળી ગાંધીધામ વચ્ચે ચાર લાઈન રેલ્વે લાઈનના પ્રકલ્પને મંજૂરી આપવામાં આવી છે. આ ઐતિહાસિક નિર્ણયથી માલ પરિવહન ઝડપી બનવાની સાથે સાથે પ્રવાસી ટ્રેનો માટે પણ વધુ સુવિધાજનક થશે. ગુજરાતનું ચાર મેઈન લાઈન ધરાવતું કચ્છનું આ પ્રથમ સેક્શન બનશે. ભુજમાં નવી બે પિટ લાઈન બનાવવાનો નિર્ણય લેવાયો છે. ઉપરાંત પાલનપુરથી સામખિયાળી સુધીનું વિદ્યુતીકરણ ૧૦૦ ટકા થઈ ગયું છે. મુન્દ્રા અને કંડલા સુધીની કામગીરી પણ પૂર્ણતાને આરે છે.

● ભારતીય સંસ્કૃતિને લંડનમાં ઉજાગર કરવા ૭૦૦ મહિલાઓ સાડી વોકેથોનમાં ભાગ લીધો હતો. કચ્છ એન.આર. આઈ.એસોસિએશનના સદસ્ય સહિતની ૫૦ ગુજરાતી-કચ્છી મહિલાઓ બાંધણી પહેરી દાંડિયા રાસ રમતી જોડાઈ હતી. ભારતીય સંસ્કૃતિ અને કાશ્મીરથી કન્યાકુમારીની પ્રખ્યાત પૌરાણિક સાડી ભરતકામ, વણકર, પેઈન્ટિંગ કલાને લોકપ્રિયતા અપાવવા વોકેથાન સાડી પ્રોગ્રામ રખાયો હતો.

● કચ્છમાં દૂધાળા ઢોરોમાં નાના અને ઓછા ખર્ચાળ ઘેટાના શરીર પર ઊગી નીકળતાં ઉનની માંગ ઘટતાં પશુપાલકોને આર્થિક ફટકો પડ્યો છે. દશેક વર્ષ અગાઉ ઘેટાના શરીર પર ઉપજતાં ઊન અને ઉનના દોરાની દેશ તથા વિદેશોમાં મોટી માંગ હતી. હવે વિવિધ કારણોસર ઊન ઉપાડ બંધ થતાં પશુ પાલકો તેમજ ઊન વેપારીઓને માટે નુકશાનકારણ સમય આવ્યો છે. અગાઉ એક ઘેટાના શરીર ઉપરના ઊનને કાપીને લઈ જવાની કિંમત રૂ.૨૫ થી ૩૦ મળતાં જ્યારે આજે ઊનની ખરીદી બંધ પડતાં દર છ માસના અંતરે ઊન કાપવાની મજૂરી પ્રતિ ઘેટાં દીઠ રૂ.૧૫ થી ૨૫ આપવી પડે છે. અરબ દેશોમાંથી આયાત થતાં લાંબા રેષાના ઊનના દોરાની પડતર ઓછા ભાવે થાય છે. બીજી તરફ ટેકનોલોજીના વિકાસના સમયમાં પ્લાસ્ટિક રેષાના ઊન જેવા નકલી દોરામાંથી બનતા વસ્ત્રોમાં મિલરો વેપારીઓને નફો વધુ મળવા દેશી અસલ ઊનની માંગ ઘટી છે.

● ભુજના યોગ ટ્રેનર રશ્મિ વ્યાસ જેમના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સંચાલિત યોગ વર્ગ છેલ્લા ત્રણ વર્ષથી ભુજના ભાનુશાલી નગરમાં ચાલી રહ્યાં છે. તેઓ દિલ્હી સ્થિત આયુષ મંત્રાલય પ્રમાણિત યોગ સર્ટિફિકેશન બોર્ડનું લેવલ થ્રીનું પ્રમાણપત્ર મેળવ્યું છે. નેચરોપેથી ઓર્ગેનાઈઝેશનના ૧૦૦ જેટલા વોલિયન્ટર્સ યોગ ક્ષેત્રમાં તાલીમ આપી તૈયાર કર્યા છે. અને જુદી જુદી શાળાઓ અને સંસ્થાઓ સાંધી સિમેન્ટ અદાણી બી.એસ.એફ.માં જઈને યોગનો પ્રચાર કરે છે. તેઓને કચ્છ જિલ્લાના બેસ્ટ યોગ ટ્રેનરનું શ્રેષ્ઠ યોગ વર્ગ સંચાલક તરીકેનું પ્રમાણપત્ર જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં રાજ્યના મંત્રી મૂળુભાઈ બેરાએ અર્પણ કર્યું હતું.

● વિદેશો સાથે વ્યવહાર વધે અને ભારતીય લોકોની અન્ય દેશોમાં અવર જવર વધે તે માટે ભારત સરકાર દ્વારા પાસપોર્ટની પ્રક્રિયા સરળ બનાવી અનેક સ્થળોએ નવા પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ કરી દેવાયા. જેમાં પાસપોર્ટ અરજીઓ સ્વીકારાય છે. પરંતુ રાજ્યના સૌથી મોટા જિલ્લા કચ્છનો વિદેશો સાથે વ્યવહાર વધુ છે તેમ છતાં પાસપોર્ટ સમસ્યાથી હજી પરેશાની જારી છે. હજી પણ નવા પાસપોર્ટ મેળવવા અઢીથી ત્રણ મહિના સુધીની રાહ જોવી પડે છે. તેમાંય અનેક પાસપોર્ટ અરજીઓ સમીક્ષા હેઠળ રાખી દેવાતાં હજારોની સંખ્યામાં પાસપોર્ટ બાકી પડ્યાં હોવાનું જાણવા મળ્યું છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA